શ્રુતદીપ રિસર્ચ ફાઉંડેશનનો સંવાદ-સેતુ

# શ્રુતદીપ


॥ सुयं मे आउसं ॥

વિક્રમ સંવત ૨૦૭૮ • વર્ષ-૫ • અંક-૨ • ઑક્ટોબર-૨૦૨૨


## શિક્ષાશત દોધક

- શ્રુતરત્ન ગણિવર શ્રી વૈરાગ્યરતિવિજયજી મ.

શાસ્ત્રોમાં સાધનાના બે માર્ગ બતાવ્યા છે. વ્યવહારમાર્ગ અને નિશ્ચયમાર્ગ. વ્યવહારમાર્ગ તપ, જપ, ક્રિયા, આચરણ વગેરેને મહત્ત્વ આપે છે. નિશ્ચયમાર્ગ જ્ઞાન



અને તેના આધારે કેળવાયેલી પુખ્ત સમજને મહત્ત્વ આપે છે. આ બંન્ને નયો પોતપોતાના સ્થાને મહત્ત્વના છે. એકબીજાથી વિરુદ્ધ જાય છે. તેમ દેખાતા હોવા છતાં પણ એકબીજાના પૂરક છે. જે સાધક બંને નયોને એકબીજાના પૂરક બનાવી શકે તેને સાધનાનો સ્વાદ પણ આવે છે અને તે સાધનાનું ફળ પણ પામે છે. પ્રારંભિક કક્ષાના સાધકો વ્યવહાર અને નિશ્ચયનો સમન્વય કરી શકતા નથી. તેઓ કાં તો વ્યવહારને વધુ મહત્ત્વ આપે છે, કાં તો નિશ્ચયને વધુ મહત્ત્વ આપે છે. તેમની અધૂરી સમજ આગ્રહમાં ફેરવાઈ જાય તો તેઓ માર્ગથી ચૂકી જાય છે. આવું ન બને તે માટે સમયે સમયે અનુભવી સાધકો નિશ્ચયનયનું પણ સમાન મહત્ત્વ છે તે સમજાવતાં શાસ્ત્રની રચના કરે છે. ઘણાભાગે પ્રારંભિક સાધકો વ્યવહારને મુખ્ય અને ક્યારેક એકમાત્ર સાધના માર્ગ સમજી લે છે અને સાધના કરવાં છતાં સાધનાના ફળથી વંચિત રહી જાય છે.

**શિક્ષાશત દોધક** મારુગુર્જર ભાષામાં રચાયેલો નિશ્ચયનયની મહત્તા સમજાવતો ગ્રંથ છે. અઢારમી સદીમાં થયેલા **ઉપાધ્યાય શ્રી હંસરત્નજી ગણિએ** તેની રચના કરી છે. તેનું નામ **શિક્ષાશત દોધક** છે. શિક્ષા એટલે નિશ્ચયનયની શિખામણ. શત એટલે ૧૦૦. દોધક એટલે દૂહા. શિક્ષાશત દોધક એટલે સીખ આપતાં ૧૦૮ દુહા. આ ગ્રંથ અજૈન અને જૈન કોઈ પણ સંપ્રદાયની ઉપાસના પદ્ધતિને અનુસરતા સાધકને નજર સામે રાખીને લખાયો છે.

ગ્રંથકાર પ્રારંભમાં અનુભવનું માહાત્મ્ય પ્રસ્તુત કરે છે. ગ્રંથની શરુઆતમાં તેમણે પરમાત્મા કેવળ અનુભવગમ્ય છે, તે વાત કરી છે. નવમા દુહામાં તેઓ કહે છે- **ક્રોડો વરસ સુધી તપ કરો. અનેક શાસ્ત્રો શીખો પણ અનુભવ વિના બધું એળે જાય છે.** (૯) પોતાની વાતના સમર્થનમાં તેઓ કબીરજીના દુહા પણ ટાંકે છે. **પરમાત્માના નામ ભલે જુદા જુદા હોય પણ તેનું સ્વરૂપ તો એક જ છે અને તે વીતરાગી છે. દરેક ધર્મમાં પરમાત્માને સાંસારિક ઉપાધિઓથી પર માનવામાં આવે છે. ધર્મની ઉપાસનાપદ્ધતિનું આયોજન પરમાત્મતત્ત્વની ઉપલબ્ધિ કરવા માટે થયું છે. કેવળ ક્રિયા કરવાથી પરમાત્માની ઉપલબ્ધિ થતી નથી.** (૧૪-૧૫) આત્માનો અનુભવ પરમાત્માને પામવાનો પરમ ઉપાય છે. આત્માનો અનુભવ કરવા માટે સદ્‌ગુરુ જરૂરી છે. **સદ્‌ગુરુની શિક્ષા વિના તપ, વ્રત, દાન વગેરે બધું નિષ્ફળ થાય છે. સંસાર એ સમુદ્ર છે. જીવન નાવ જેવું છે અને સદ્‌ગુરુ તેના નાવિક છે. તેમના વિના જીવનનાવને સ્થિર રાખવી શક્ય નથી.** (૧૪-૧૫) **સદ્‌ગુરુ જ્ઞાનની સળી લઈને અંતર પર લાગેલા મોહના પડલ ઉતારે છે અને અંતરની આંખ ઉઘાડે છે.** (૧૬) **સર્વસ્વ ધરીને યુગો સુધી ગુરુના ચરણોની સેવા કરીએ તોય તેમના ઉપકારોથી મુક્ત**



**થઈ શકાય નહીં.** (૧૭) **ગુરુના ગુણ અનંતા છે. એક જીભથી ગાઈ શકાય નહીં. ગુરુ સાચો બોધ આપીને શિષ્યનો અગાધ સંસાર સાગર ગાયના પગલા જેટલો ટુંકો કરી દે છે.** (૧૮) **ગુરુ ચંદન જેવા છે. જે પોતે ગુણોથી સુવાસિત છે અને બીજાને પણ ગુણોથી સુરભિત કરે છે.** (૨૦)


ગ્રંથકારે સુગુરુનો મહિમા બતાવ્યો છે તેની સાથે ગુણ વિનાના ગુરુથી બચતા રહેવાની શિખામણ પણ આપી છે. ગુરુનો વેષ પહેરવો સહેલો છે. ગુરુનું પદ ધારણ કરવું પણ સહેલું છે. ગુરુનું નામ ધારણ કરવું પણ આસાન છે. સાચા ગુરુ બનવું અઘરું છે. સાચા ગુરુ અને ગુણ વિનાના ગુરુ વચ્ચે કેવળ આચાર કે વ્યવહારનો તફાવત હોતો નથી પણ બોધનો તફાવત હોય છે. **ગુણ વિનાના ગુરુ સંસાર સાગરથી તારી શકતા નથી. તેઓ લોઢાની શિલા જેવા હોય છે. જ્યારે સદ્‌ગુરુ લાકડાની નાવ જેવા હોય છે. કળિકાળમાં ગુણ વિનાના ગુરુ ઘણા જોવા મળે છે. ગુરુ અને શિષ્ય આ બંનેમાં વિવેક ન હોય તો બંને ખાડામાં પડે છે.** (૨૧-૨૩)

અહીં પ્રસંગથી દોહાકારે દેખતાં અને આંધળા વ્યક્તિની સરસ વ્યાખ્યા બતાવી છે.**જેમને જગતમાં બધા જ જીવો પોતાના જેવા દેખાય છે, જેને પરસ્ત્રીમાં માતા દેખાય છે અને જેને પારકું ધન ધૂળ જેવું દેખાય છે તેઓ દેખતાં છે. જેઓ પરધન અને પરસ્ત્રીને ખરાબ નજરે જુએ છે અને જે બીજાને પીડા આપે છે તે છતી આંખે આંધળા છે.**(૨૪-૨૫) **જેમના હૃદયમાં સરળતા છે તે બહુ ભણ્યા ન હોય તો પણ સારા છે. જે બહુ ભણેલા હોય પણ મનના મેલા હોય તેમનું ડહાપણ તેમને મુબારક.** (૨૮) **આત્માર્થી સાધક માટે સદ્‌ગુરુની પ્રાપ્તિ ઘણી જ મહત્ત્વની છે. ગુણ વિનાના ગુરુનો અનુયાયી સાધક જ્યાં ત્યાં ભટકે છે. તે પ્રગતિ કરતો નથી અને પોતાના લક્ષને પામી શકતો નથી.** (૩૦-૩૧)

કેટલાક શિષ્યો પણ એવા હોય છે જેમનું લક્ષ્ય આત્મ-સાધના નથી હોતું, પણ આત્મપ્રશંસા હોય છે. તેઓ ગુરુ પાસે બોધ લેવા માટે નથી આવતા, પણ પોતાનો મહિમા વધારવા આવે છે. તેઓ ગુરુની વાહ-વાહ કરીને દુનિયા સમક્ષ પોતાનો પ્રભાવ ફેલાવવા માંગે છે. ગુણ વિનાના ગુરુ અને સાધનાની ઈચ્છા વિનાનો શિષ્ય જે નાવમાં પોતે બેસે છે તે નાવને અને તે નાવમાં બેસેલા દરેક વ્યક્તિને ડુબાડે છે. સાધનાની ઈચ્છા વિનાનો સાધક ગુરુ પાસે શિક્ષા લેવા આવતો નથી. તેને ગુરુ ઉપદેશમાં રસ હોતો નથી. તે વ્યક્તિપૂજક હોય છે, ગુણપૂજક હોતો નથી. શિક્ષાશત દોહામાં ઉપાધ્યાય શ્રી હંસરત્ન ગ. બહુ સચોટ વાત કહે છે.

**જેમ સન્નિપાત જેવા અસાધ્ય રોગ પર કોઈ દવા નથી તેમ અયોગ્ય એટલે સ્વાર્થ કે પૂર્વગ્રહથી પીડાતા શિષ્ય માટે કોઈ ઉપદેશ નથી. તેનાથી કેવળ ઉપદેશકને ક્લેશ થાય છે. અયોગ્ય વ્યક્તિ સાચી એટલે કે આત્માની વાત સાંભળી શકતો નથી. સાંભળે તો પચાવી શકતો નથી. ઉપરથી સામી દલીલો કરીને ઉપદેશકને જ હેરાન કરે છે.** (૩૨) **આવા અયોગ્ય સાધક પૂર્વગ્રહથી અથવા વ્યક્તિરાગથી પીડાતા હોય છે. જેમ ખરાબ મંત્રને વશ પડેલા લોકો પોતાની વિષ્ટા ખાય છે તેમ આવા સાધકો સંસારની વિષ્ટા જેવા વાતો જ ગમે છે.** (૩૩) **સદ્‌ગુરુને તેમને જોઈને દયા આવે અને તેમને વિપરીત પ્રવૃત્તિની સમજ આપે તો આવા સાધકો ગુસ્સો કરે છે અને ધમાલ કરે છે.** (૩૪) અયોગ્ય વ્યક્તિને સલાહ આપવાથી નુકસાન જ થાય છે. એવી સલાહ આપતા દુહાકાર કહે છે કે-**સાપને દૂધ પીવડાવો તો પણ ડંખ મારે છે તેમ અયોગ્ય જીવને સારી વાત કરો તો પણ ક્રોધ કરે છે.** (૩૫,૩૬)

સાધક અયોગ્ય એટલે બને છે કેમકે તેમને સાચી સમજ મળી હોતી નથી. સમજ સાચી હોય તો કદાગ્રહ જન્મતો નથી. જેમની પાસે સાચી સમજ છે તેમનું લક્ષ્ય આત્મા હોય છે અને તેઓ આત્માને પામવાનો માર્ગ શાસ્ત્રમાં શોધે છે. તેમની વાતોમાં શાસ્ત્રનો સાર ઝળકતો હોય છે.



જેમનું લક્ષ્ય આત્મા નથી તેમને શાસ્ત્રની જરુર જણાતી નથી. તેમની વાતોમાં લોકરંજન અને બીજાની વિશેષતઃ અંતર્મુખી આત્માર્થી સાધકોની નિંદા છલકાતી હોય છે. (૩૭) કાગડાને સરોવરનું પાણી નથી ભાવતું. તેને ખાબોચિયામાં જ મજા આવે છે. તેમ આત્માના લક્ષ્ય વિનાના સાધકને આત્માની કે શાસ્ત્રની વાતો ગમતી નથી. (૩૮) મોક્ષમાર્ગમાં આગળ વધવા માટે શાસ્ત્ર શક્તિ આપનારું સંબલ છે. (માર્ગમાં સંબલ = ભાથું, પેટ ભરવાનો ખોરાક) અંધારું થાય તો શાસ્ત્ર દીવો બનીને રસ્તો અજવાળે છે. જ્યારે પણ મતિ મુંઝાય ત્યારે શાસ્ત્ર સાચી સમજ આપે છે. મોક્ષમાર્ગ પર પ્રયાણ કરતી વખતે અશક્તિ કે આસક્તિને કારણે થાક લાગે ત્યારે શાસ્ત્ર વિસામો બનીને આધાર આપે છે,આગળ વધવાની પ્રેરણા આપે છે. જે લોકો શાસ્ત્રની અવગણના કરે છે તેમનો ઉદ્ધાર થવાનો નથી. (૩૯)

જેમના મનમાં કદાગ્રહ છે. તેમની બુદ્ધિ અવળા માર્ગે જ ચાલે છે. તેમને આત્માની વાતોમાં રસ પડતો નથી. તેમને પદ, પ્રસિદ્ધિ, પરિવાર અને પ્રશંસામાં જ રસ પડે છે. તેમને સાચી વાત સાંભળવી ગમતી નથી. તેમને પોતાની વાતો ખોખલી છે, તેની ખબર હોતી નથી. તેથી તેમની વાતો સત્યલક્ષી ન રહેતા વ્યક્તિલક્ષી બની જાય છે. તેઓ પોતાની વાતને સાચી સાબિત કરી શકતા નથી તેથી તેઓ બીજાની નિંદા કરતા રહે છે. તેમને તેમાં જ રસ આવે છે. (૪૧-૪૨)



જળો (એક લોહી પીનારું જંતુ), ચાળણી, ખરાબ માણસ અને માખી આ ચારેનો એક જ સ્વભાવ હોય છે. તેઓ સાર વસ્તુનો ત્યાગ કરીને અસાર વસ્તુ પર ભાવ રાખે છે. સામા પક્ષે હંસ, સૂપડું અને સારા માણસ આ ત્રણનો એક સરખો સ્વભાવ છે. તેઓ સારને ગ્રહણ કરે છે અને અસારને છોડે છે. (૪૩-૪૪)

કદાગ્રહથી ગ્રસ્ત વ્યક્તિઓ નિંદા કરતા રહે એથી ડરી જઈને શું સાચા સાધકે આત્માની/શાસ્ત્રની વાત કરવી છોડી દેવી? આ પ્રશ્નનો જવાબ આપતા ઉપાધ્યાય શ્રીહંસરત્ન ગ. કહે છે. જેઓ ધર્મનો વિચાર કરવાને બદલે બીજાની નિંદા કરે છે તેઓ પોતાના હાથે પોતાના માથા પર રાખ નાંખે છે. નિંદા કરનારા નિંદા ભલે કરતા રહે. તેમને જોઈને સાચા સાધકો આત્માની/શાસ્ત્રની વાત કરવાનું છોડી દેતા નથી. જેમ વિવાહ વાજતે ગાજતે લોકોની વચ્ચે થાય તેમ શાસ્ત્રની વાત વાજતે ગાજતે જાહેરમાં કરવી જોઈએ. (૪૫-૪૮)

આટલી વિસ્તૃત પ્રસ્તાવના માંડ્યા પછી દોહાકાર મૂળ વાત કહે છે. દયા, સંયમ, દાન, દેવગુરુની ભકતિ, ક્ષમા, સરળતા, અહિંસા, સત્ય, તપ, વિનય, બ્રહ્મચર્ય આ વાસ્તવિક ધર્મ છે. તીરથમાં જઈને સ્નાન કરવું, શરીર પર રાખ ચોપડવી, જંગલમાં જઈને વસવું, જટા રાખવી, માળા ફેરવવી, કષ્ટ સહન કરવું આ બધી સપાટી પરની ક્રિયાઓ છે. વાસ્તવિક ધર્મ આત્મામાં ખીલતા ગુણો છે. બધા જ ધર્મનું મૂળ અહિંસા છે. કોઈના દુઃખનું કારણ ન બનવું તે અહિંસાની વિભાવના છે. (૪૯-૫૨) જ્યાં હિંસા છે ત્યાં ધર્મ નથી. જેમ ઝેર ખાઈને અમર થવાની આશા રાખી શકાય નહીં તેમ હિંસા કરીને ધર્મની આશા રાખી શકાય નહીં. (૫૩)


અહિંસાની સાચી સમજ તત્ત્વનાં જ્ઞાનથી આવે છે. મુક્તિનું એક જ કારણ છે -તત્ત્વનો અભ્યાસ. (૫૬)

અહિં પ્રસંગથી ગ્રંથકારે અન્યમતના સૃષ્ટિવાદ અને અવતારવાદની સમીક્ષા કરી છે. તેઓ કહે છે-મોક્ષમાર્ગના ત્રણ અંગ છે દેવ, ગુરુ અને ધર્મ. દેવ દોષરહિત હોવા જોઈએ. સંસારી માણસોમાં જોવા મળતા દૂષણ દેવોમાં ન હોવા જોઈએ. ગુરુ સર્વસંગના પરિત્યાગી હોવા જોઈએ અને ધર્મમાં વિવેક અને દયા આ બે હોવા જોઈએ તો જ આ ત્રણ મુક્તિ સાધક બને છે. જ્યાં માયા છે ત્યાં જ્ઞાન નથી. જ્યાં જ્ઞાન છે ત્યાં માયા નથી. અંધારા અને અજવાળામાં જેટલો તફાવત છે તેટલો તફાવત તેટલો તફાવત જ્ઞાન અને માયામાં છે. (૫૯-૬૦)

કેટલાક મતોમાં ઈશ્વર માયા રચે છે, એવું માનવામાં આવે છે.


ઈશ્વરવાદમાં ઈશ્વરને પૂર્ણ શ્રેષ્ઠ અને અવિકારી માનવામાં આવે છે. જો તે પૂર્ણ હોય તો માયા શું કામ રચે છે? (૬૧) ઈશ્વરવાદીની દલીલ છે કે ઈશ્વર તો એક જ છે, પણ તેના વિવિધ અંશ અવતાર ધારણ કરે છે. અવતાર એ પૂર્ણ અવતાર નથી. ઈશ્વરનો એ અંશ છે.આ વાત પણ સમજાય એવી નથી. કારણ કે ઈશ્વર અને ઈશ્વરનો અંશ એક જ છે અને અવતારની જેમ બીજા જીવાત્મા પણ ઈશ્વરના જ અંશ છે. તેથી ઈશ્વરના અંશ તરીકે તેમને પણ પૂજવા જોઈએ. બીજું ખાણમાં રહેલું અશુદ્ધ સોનું પણ સોનું જ છે. પણ તે અશુદ્ધ હોવાથી તેની કિંમત ગણાતી નથી. તેની જેમ અવતાર રૂપે ઈશ્વર રાગાદિથી મલિન છે. તેથી તેને ઈશ્વર રૂપે ભજવાથી શું લાભ થાય? (૬૨-૬૬)

ઈશ્વરવાદમાં અને અવતારવાદમાં શુદ્ધ પરમાત્માને અશુદ્ધ બનાવવાની વાત છે. વળી અવતારવાદમાં ઉપાસનાની રીત પણ રાગાદિ દોષ વધારનારી છે.



અશુચિથી ભરેલો દેહ નદીમાં સ્નાન કરવાથી શુદ્ધ થઈ જાય છે, એ વાત પણ સમજાતી નથી. કેમ કે આત્મા અને દેહ ને એવો સંબંધ નથી કે એકને શુદ્ધ કરવાથી બીજો પણ શુદ્ધ થઈ જાય (૬૧-૭૪) કળિકાળમાં દેવ, ગુરુ અને ધર્મ વિષે ખોટી અવધારણાઓ ચાલી રહી છે. કળિકાળના પ્રભાવે કોઈ પોતાની જાતિને ઉંચી માને છે. કોઈક વિદ્યા, મંત્ર, તંત્ર કરીને પોતાની જાતને સર્વશ્રેષ્ઠ માને છે. લોકોને પણ આવી વાતો ગમે છે. તેમનાં મોઢે તેમની ભૂલ બતાવી શકીએ નહીં અને પાછળ બોલીએ તો નિંદા થાય. ભૂલ સાંભળીને તેને સુધારવાનું મન થતું નથી, પણ દુઃખ થાય છે. તેથી કોઈને ભૂલ બતાવવામાં કોઈ ગુણ નથી. આમ જુઓ તો બધો વાંક કળિકાળનો નથી. કેમ કે આ કળિકાળમાં સારા અને વિચારક લોકો પણ છે. અયોગ્ય જીવો હંમેશા નિર્લજ્જ અને નિઃશંક હોય છે. તેમણે પોતાના દોષ અને બીજાના ગુણ દેખાતા નથી. આત્માર્થી જીવ પોતાના દોષ અને બીજાના ગુણ જુએ છે. તે દોષ છોડી દે છે અને ગુણનો સ્વીકાર કરે છે. તેઓ વ્યક્તિગત રાગ-દ્વેષથી પર રહી શકે છે. (૭૫-૭૯)


અનંત જન્મોથી પ્રાણી સંસારમાં ભટક્યા કરે છે, પણ તેણે તત્ત્વજ્ઞાનની તલાશ કરી નથી તેથી તેના દુઃખનો અંત આવતો નથી. બધા શાસ્ત્રો એક જ વાત કહે છે- મુક્તિનો માર્ગ તત્ત્વજ્ઞાન છે. તત્ત્વજ્ઞાનથી વિવેક જન્મે છે. અને વિવેકથી સારા નરસાનું ભાન થાય છે અને આત્મા આગળ વધે છે. તત્ત્વજ્ઞાન વિના અવિવેકી લોકોનો જન્મારો નિષ્ફળ જાય છે. (૮૦-૮૫) તત્ત્વજ્ઞાન પ્રાપ્ત કરવા માટે મધ્યસ્થભાવ જોઈએ, પરીક્ષકવૃત્તિ જોઈએ, માનસિક સ્થિરતા જોઈએ (મમત્વને કારણે મન અસ્થિર બને છે), આત્માની જિજ્ઞાસા જોઈએ. જેને કોઈ મતનો આગ્રહ નથી, જે શાસ્ત્રનો અભ્યાસ કરવા તૈયાર છે અને જેની દૃષ્ટિ નિર્મળ છે તે પરમાર્થને સાધે છે. (૮૭-૮૮) તપાસ્યા વિના લોકો સાવરણી પણ ખરીદતા નથી. તો ભવભવના ભાથા જેવો ધર્મ પરીક્ષા વગર કેવી રીતે પામી શકાય? બધાં જ શાસ્ત્રો ધર્મની પરીક્ષા કરવાનું કહે છે. પોતાના કુળમાં, વર્ણમાં, જાતિમાં કે પરંપરામાં જે ચાલ્યું આવતું હોય તે સંપૂર્ણ ધર્મ નથી. આત્માર્થને ઓળખવો તેનું નામ ધર્મ છે. (૮૯-૯૨) એકવાર તાત્ત્વિક દૃષ્ટિ પ્રગટ થાય તો કોઈ પણ શાસ્ત્રનો પરમાર્થ જાણી શકાય છે. પણ તાત્ત્વિક દૃષ્ટિ પામવી બહુ અઘરી છે. તાત્ત્વિક જ્ઞાન, સમ્યગ્જ્ઞાન અને વિવેકથી પ્રગટે છે. મિથ્યાત્વ / અભિમાન તત્ત્વદૃષ્ટિને રોકે છે. (૯૩-૯૪)



દોહાકારે તત્ત્વદૃષ્ટિ પામવા માટેના ચાર અનુપમ ઉપાય દર્શાવ્યા છે. અહિં તત્ત્વદૃષ્ટિ એટલે અનુભવ સમજવો. અનુભવ એટલે શબ્દ, વિચાર અને લાગણીથી પર કોઈ પણ વસ્તુનો સાક્ષાત્કાર. પાણી ઠંડું છે, એ આપણને ખબર છે, પણ સ્પર્શ કરવાથી ખરેખર ઠંડું લાગે તે અનુભવ છે. એ રીતે આત્મા વિષે આપણે ઘણું સાંભળ્યું છે. આત્મા વિષે આપણે જાણીએ પણ છીએ. આત્માને ઝંખીએ પણ છીએ, પરંતુ તેનો અનુભવ આપણી પાસે નથી. ઉપાધ્યાય શ્રીહંસરત્નજી ગ.આ અનુભવની વાત કરે છે. આત્માનો અનુભવ કરવો હોય તો ચાર બાબતોને જીવનમાં

સ્થાન આપવું જોઈએ.

પહેલી બાબત છે-**શ્રદ્ધા.** બે પ્રકારના વિશ્વ છે. એક, બુદ્ધિનું વિશ્વ, જે આપણે જોઈ શકીએ છીએ. બે, શ્રદ્ધાનું વિશ્વ, જે આપણે જોઈ શકતા નથી. અમુક વાતો આપણે જોઇ શકતા નથી પણ ધારીએ તો જોઈ શકીએ. સફરજન આપણને દેખાય છે. તેમાંનું બીજ આપણને દેખાતું નથી પણ ધારીએ તો જોઈ શકીએ પણ એક બીજમાં કેટલાં સફરજન ઉગાડવાની શક્તિ છે એ આપણે ધારીએ તો પણ જોઇ શકતા નથી. જે જગત દેખાય છે તે બુદ્ધિના ક્ષેત્રમાં આવે છે અને નહીં દેખાતું જગત શ્રદ્ધાના ક્ષેત્રમાં આવે છે.




આપણો આત્મા બીજમાં રહેલ શક્તિ જેવો છે. તેને બુદ્ધિથી જોઈ કે માપી શકાય નહીં. સામાન્ય માણસ બુદ્ધિથી જે દેખાતું નથી તેનો અસ્વીકાર કરે છે. આત્મા શ્રદ્ધાનો વિષય છે. તેથી આત્માના અનુભવ માટે આત્મા છે તે વાતમાં શ્રદ્ધા હોવી જરૂરી છે.

આત્માનો અનુભવ -કરવાનો બીજો ઉપાય છે-**જિજ્ઞાસા** મારો આત્મા કેવો છે? એ જાણવાની ઈચ્છા. એકવાર આત્મા છે એ વાતનો સ્વીકાર થઈ જાય પછી આત્મા વિષે પ્રશ્નો જાગે છે. હું આ શરીરમાં કેવી રીતે આવ્યો? શરીર જતું રહેશે પછી હું ક્યાં જઈશ? શરીર વગર મારું અસ્તિત્વ હોઇ શકે? હું શરીરમાં શું કામ આવ્યો? મારા જીવનમાં દુઃખ કેમ છે? હું આત્મા છું તો મને મારો આત્મા દેખાતો કેમ નથી? આત્માને જાણવા માટે શું કરવું જોઈએ? આવા પ્રશ્નો મનમાં ચાલે તો આત્માની યાત્રા શરૂ થઈ છે, એમ કહી શકાય.

ત્રીજો ઉપાય છે-**સદ્‌ગુરુનો સમાગમ.** આત્માને લગતા પ્રશ્નોના જવાબ એની પાસેથી જ મળી શકે છે જે આત્માને જાણતો હોય, જે આત્મામાં જીવતો હોય. આવી વ્યક્તિ ગુરુ બનીને ભીતરની યાત્રાનું માર્ગદર્શન કરી શકે એટલે સદ્‌ગુરુનો સમાગમ આત્માના અનુભવ માટે બહુ જરૂરી છે.

આત્માના અનુભવ માટે ચોથો ઉપાય છે - **દઢ અભ્યાસ.** આત્મા કેવળ વાતો કરવાથી મળે નહીં. જગતની વસ્તુઓના આકર્ષણમાંથી બહાર આવીએ તો જ આત્માની દિશા દેખાય. સામાન્ય માણસ માટે તેમાંથી બહાર આવવું બહુ અઘરું છે. સતત શાસ્ત્રોનો અભ્યાસ કરવાથી આ આકર્ષણ મોળું પડે છે. શાસ્ત્રમાં આત્મા વિષે કહેલી વાતો સાંભળવાથી, કહેવાથી, વાંચવાથી અને વિચારવાથી વિવેકદષ્ટિ નિર્મળ બને છે. ધ્યાન કરવાથી એકાગ્રતા વધે છે. બુદ્ધિ સૂક્ષ્મ બને છે. અને સૂક્ષ્મ બુદ્ધિથી શાસ્ત્રોના ઉંડા અર્થો અનુભવી શકાય છે. આ બધી બાબતોનું વારંવાર પુનરાવર્તન કરવાથી, આત્માનો અનુભવ કરવાથી, આત્માનો અનુભવ થોડા સમયમાં થઈ શકે છે. આત્માનો અનુભવ કરવાનો આ સહેલામાં સહેલો રસ્તો છે. **સ્વાતિ નક્ષત્રમાં વરસાદ પડે એ વરસાદના પાણીનુ એક ટીપું એક છીપમાં પડે તે ઉત્તમ કોટિનું મોતી બને છે. સ્વાતિ નક્ષત્રનો આ પ્રભાવ છે. તેમ સદ્‌ગુરુની કૃપાથી સારા સાધકને થોડા પ્રયત્ને અનંત ગુણ પ્રગટે છે. આપણા અસ્તિત્વનું કેંદ્રબિંદુ આત્મા છે. તે શક્તિરૂપે વ્યાપેલો છે તેથી દેખાતો નથી. જેમ દૂધમાં દહી છે, દહીમાં માખણ છે, પણ મંથન કરવાથી માખણ પ્રગટ થાય છે તેમ સતત ચિંતન કરવાથી આપણી ભીતર રહેલો આત્મા પ્રગટ થાય છે.** (૯૫-૧૦૧)


ઉપસંહાર કરતા દોહાકાર કહે છે કે - **અહીં જે વાત કહી છે, તેમાં સ્વમતનો આગ્રહ નથી અને અન્યમતની વાતોમાં જે દોષ જણાવ્યા છે તેમાં તેમની નિંદા કરવાનો ભાવ નથી. કેવળ સ્વ-પર-ઉભયના હિતને માટે મોક્ષમાર્ગની શુદ્ધિ બતાવી છે. આ કૃતિ જાણકાર માણસના હાથમાં આવશે તો અમૂલ્ય થશે. આમાંનો એક એક અક્ષર ચિંતામણિ રત્ન જેવો છે, પણ અણસમજુને તેની કિંમત સમજાશે નહીં. આમાં મેં મંદબુદ્ધિથી જે કંઈ અયુક્ત કહ્યું હોય તેને સમદૃષ્ટિ સજ્જનો શુદ્ધ કરજો. જૈન ધર્મ સમુદ્ર જેવો છે. તે ગંભીર છે. તેનો પાર પામી શકાય એમ નથી. તેના દરેક વચનો સત્ય છે. તેમાં નય અને પ્રમાણ જેવાં રત્નો ભર્યા છે. અહીં કહેલી શિક્ષા તેનું એક બિંદુ છે. વિક્રમ સંવત ૧૭૮૯માં ફાગણ વદ ૫ ગુરુવારે નાગોરમાં એની રચના કરી છે.**

સમગ્રપણે જોતા આ કૃતિ અધ્યાત્મભાવ જગાડવામાં સહાયક થાય તેવી છે. તેમાં ઘણી માર્મિક વાતો રજુ કરવામાં આવી છે, એટલું જ નહીં પણ આત્મભાવને પ્રાપ્ત કરવાના ઉપાયો પણ અહીં જોવા મળે છે.

**કર્તા પરિચય :**

આ કૃતિના કર્તા **ઉપાધ્યાય શ્રીહંસરત્ન ગણી** છે. કર્તાએ પોતાના નામનો ઉલ્લેખ અંતિમ ૧૦૮મી કડીમાં કર્યો છે, પણ તેમાં તેમણે પોતાની પદવી જણાવી નથી. તેઓ પ્રસિદ્ધ કવિ ઉદયરત્નજી સગા ભાઈ થાય. આ બંને ભાઈઓ મૂળે ખેડાના વતનીઓ હતા. તેમનાં નામ ક્રમશઃ હરખચંદ અથવા હેમરાજ અને ઉત્તમચંદ હતાં. તેઓ જ્ઞાતિએ પોરવાલ હતા. તેમના પિતાનું નામ વર્ધમાન અને માતાનું નામ માનબાઈ હતું. તેમનાં સાધુપણાનાં પં.હર્ષરત્ન ગણી અને હંસરત્ન ગણી એમ નામો મળે છે. તેઓ મોટા ત્યાગી ત્યાગી, તપસ્વી, શુદ્ધ સંયમી તેમ જ ગીતાર્થ હતા. **ભટ્ટા. શ્રી દયારત્નસૂરિજી**એ મહો. સિદ્ધિરત્નગણીના સ્વર્ગગમન પછી તેમને ઉપાધ્યાય બનાવ્યા હતા.તેમણે વિ. સં.૧૭૯૭ના ચોમાસામાં મિયાગામમાં ભગવતીસૂત્રનું વ્યાખ્યાન આપ્યું અને તેમનું વિ. સં.૧૭૯૮ના ચૈત્ર સુદિ ૧૦ દિવસે મિયાગામમાં સ્વર્ગગમન થયું. મિયાગામના જૈન સંઘે તેમના નિર્વાણ દિવસની પાખી ૬૨ સાલ પાળવા નક્કી કર્યુ. તેમ જ તેમના અગ્નિસંસ્કારના સ્થાને સમાધિસ્તૂપ બનાવ્યો, જે આજે પણ ત્યાં વિદ્યમાન છે. તેમના ભાઇ ઉપા. શ્રીઉદયરત્નજીએ તેમના નામની હંસરત્ન સજ્ઝાય બનાવી છે.

( ચિત્ર સૌજન્ય - આનંદઘનની આત્માનુભૂતિ )



**શિક્ષાશત દોધક હસ્તપ્રત**

## ક્ષમાયાચના

તમારાં બારણે આજે તમારો મિત્ર આવ્યો છે.
નયનમાં આંસુઓ હૈયે ક્ષમાના ભાવ લાવ્યો છે...

મને મારી ભૂલો માટે ઘણો અફસોસ છે મનમાં
ન કોઈ પૂર્વગ્રહ, નારાજગી કે રોષ છે, મનમાં
તમોને દુઃખ દઈને મેં કરી છે ભૂલ બહુ મોટી
મને સમજાય છે આજે કે મારી વાત છે ખોટી
નકામી વાતમાં મે તો સમય પુષ્કળ ગુમાવ્યો છે. નયનમાં...૧

પડે છે ગાંઠ હૈયામાં તો કડવું થાય છે જીવન
ખૂલે જો ગાંઠ હૈયાની તો જીવન થાય છે પાવન
તમે માફી મને દઈ દો સ્વીકારી લો ક્ષમા મારી
ન મનમાં કોઈ દુઃખ બચે એવી ધરીએ સમજદારી
સકલ શાસ્ત્રોએ ઉપશમને ધરમનો મરમ ગણાવ્યો છે. નયનમાં...૨
-રચનાઃ દેવર્ષિ

ગયા વર્ષમાં શ્રુતની સેવા કરતા અમારા દ્વારા સેવામાં ખામી રહી ગઈ હોય કે દુર્ભાવ થઈ ગયો હોય તો શ્રમણપ્રધાન શ્રી ચતુર્વિધ સંઘની અને સમુદાર સહયોગી દાતાઓની ક્ષમા માંગીએ છીએ.

**શ્રુતદીપ રિસર્ચ ફાઉંડેશન**
**શ્રુતભવન સંશોધન કેન્દ્ર**
**શ્રુતભવન પરિવાર**

## સમાચાર

- તા. ૦૭-૦૮-૨૦૨૨ના દિવસે પૂજ્ય મુનિરાજ **શ્રી પ્રશમરતિવિજયજી મ.સા.**ની પાવન નિશ્રામાં ભદ્રાવતીતીર્થમાં પૂજ્ય મુનિરાજ શ્રી પ્રશમરતિવિજયજી મ.સા (દેવર્ધિ) દ્વારા લિખિત ગુજરાતી પુસ્તક **સંવેગકથા**નું વિમોચન શ્રી ભદ્રાવતી તીર્થ મંડલના ટ્રસ્ટીગણ દ્વારા થયું.
- તા. ૨૨-૦૮-૨૦૨૨ના દિવસે પરમ પૂજ્ય જીર્ણોદ્ધાર જ્યોતિર્ધર આચાર્યદેવ શ્રીમદ્ **વિજયમુક્તિપ્રભસૂરીશ્વરજી મ.સા**.ની પાવન નિશ્રામાં **શ્રી ભવાનીપુર જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ, કોલકાતામાં શ્રી ગુજરાતી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક તપાગચ્છ સંઘ સંચાલિત હસ્તલિખિત ભંડાર, કેનીંગ સ્ટ્રીટ**ના શ્રુતભવન સંશોધન કેંદ્ર દ્વારા પ્રકાશિત સૂચિપત્રનું વિમોચન થયું.
- તા. ૨૮-૦૮-૨૦૨૨ના દિવસે મહાવીર જન્મવાંચન શુભઅવસરે શ્રુતરત્ન પૂજ્ય ગણિવર શ્રી **વૈરાગ્યરતિવિજયજી મ.સા**ની પાવન નિશ્રામાં હાઈડ પાર્ક સંઘમાં **સંવેગકથા** તથા **હાઈટ ઓફ હાઈડ પાર્ક** (હિંદી) પુસ્તકોનું વિમોચન થયું.

## કાર્યવિવરણ

શાસ્ત્ર સંશોધન પ્રકલ્પ અંતર્ગત **લોકપ્રકાશ, ઉપા. શ્રીવિનયવિજયજી કૃતિસંગ્રહ, પં. શ્રી નેમકુશલજી મ.સા. કૃતિસંગ્રહ, છંદોરત્નાવલી** અને **માલાપિંગલ**નું સંપાદન કાર્ય ચાલુ છે. **પૂ. સા. શ્રી મધુરહંસાશ્રીજી મ. પ્રીતછત્રીસી**નું લિપ્યંતર કરે છે. **પૂ. સા. શ્રી. ધન્યહંસાશ્રીજી** મ. **ગૌતમસ્વામી સજ્ઝાય આદિ**નું લિપ્યંતર કરે છે. અભ્યાસ વર્ગ પ્રકલ્પમાં વિભિન્ન લઘુ કૃતિઓનું લિપ્યંતર ચાલુ છે.

વર્ધમાન **જિનરત્નકોશ** પ્રકલ્પ અંતર્ગત પૂ. આ. શ્રી **મુનિચંદ્રસૂ.** મ.સા., પૂ. આ.શ્રી **હર્ષવર્ધન સૂ** , પૂ. આ. શ્રી **ધર્મશેખરસૂ.** મ.સા., પૂ. ઉપા. શ્રી **ભુવનચંદ્રજી** મ.સા, પૂ. મુ. શ્રી **ઉદયરત્નવિ.** મ.સા., પૂ. મુ. શ્રી **શીલચંદ્રવિ.** મ.સા., પૂ. મુ. શ્રી **સુયશચંદ્રવિ.** મ.સા., પૂ. મુ. શ્રી **ભવ્યસુંદરવિ.** મ.સા., પૂ. મુ. શ્રી **શ્રુતાંગચંદ્રવિ.** મ.સા., પૂ. મુ. શ્રી **કલ્પભૂષણવિ.** મ.સા., પૂ. મુ. શ્રી **ચંદ્રદર્શનવિ.** મ.સા., પૂ. મુ. શ્રી **સત્યોદયવિ.** મ.સા., પૂ. મુ. શ્રી **મુક્તિશ્રમણવિ.** મ.સા., પૂ. મુ. શ્રી **વંદનરુચિવિ.** મ.સા., પૂ. મુ. શ્રી **નીરજ મુનિજી** મ.સા., પૂ. સા. શ્રી **દીક્ષિતરત્નાશ્રીજી** મ.સા., શ્રી **ઋષભ ભંડારી,** તથા ડૉ. **શીતલ શાહ**ને હસ્તપ્રતસંબંધિ માહિતી પ્રદાન કરવાનો લાભ મળ્યો.

## પ્રાચીન શ્રુતસંપદાના સમુદ્ધાર અર્થે સમુદાર સહયોગ આપનારા મહાનુભાવોની નામાવલી

પૂ.આ.શ્રી હેમવલ્લભસૂ.ની પ્રેરણાથી
શ્રી સહસાવન કલ્યાણકભૂમિ તીર્થોદ્ધાર સમિતિ, જુનાગઢ
શ્રી હરેશભાઈ કાંતિલાલ શાહ, પુણે
શ્રી મરચંટ સોસાયટી જૈન સંઘ, અમદાવાદ
પૂ. આ. શ્રી મુક્તિપ્રભસૂરીશ્વરજી મ.સા.ની પ્રેરણાથી
શ્રી ભવાનીપુર મૂર્તિપૂજક જૈન શ્વેતાંબર સંઘ, કોલકાતા
શ્રી અભયજી શ્રીશ્રીમાળ (અભૂષા ફાઉંડેશન), ચેન્નઈ
પૂજ્ય મુની પ્રભુશાસનરત્ન વિ. ની પ્રેરણાથી
શ્રી સહસ્રફણા શ્વેતાંબર મૂર્તિપૂજક તપાગચ્છ જૈન સંઘ, મુંબઈ
શ્રી જુહૂ સ્કીમ જૈન સંઘ, મુંબઈ
પૂ. આ. શ્રી મુક્તિપ્રભસૂરીશ્વરજી મ.સા.ની પ્રેરણાથી
શ્રી ગુજરાતી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક તપાગચ્છ સંઘ, કોલકાતા
શ્રી મૈસુર મહિલા સામાયિક મંડળ, મૈસુર
શ્રી આદિનાથ તપા. શ્વે. મૂ.પૂ. જૈન સંઘ, સૂરત
શ્રી બી. યૂ. ભંડારી મોટર્સ પ્રા. લિ., પુણે
શ્રી કીર્તિકુમાર ડી. ઓસવાલ, પુણે
શ્રી કાંતીલાલજી ફત્તેચંદજી છાજેડ, પુણ
શ્રી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક ગુજરાતી પંચ, માલેગામ
જૈન જાગૃતિ સેંટર, વાપી
શ્રી મુકેશકુમાર શ્રીશ્રીમાલ, પુણે
શ્રી હસમુખલાલ મનસુખલાલ શાહ, મુંબઈ
શ્રી સિદ્ધાર્થ રતિલાલ શાહ, અમદાવાદ
સૌ. કવિતાબેન રિતેશભાઈ કોઠારી, પુણે
શ્રી સુધીરભાઈ એસ. કાપડીયા, મુંબઈ
પૂ.મુનિશ્રી પ્રશમરતિવિજયજી મ.સા.ની પ્રેરણાથી
શ્રી આત્મોદ્ધારક ટ્રસ્ટ શ્રી વિમલનાથ સ્વામી પ્રસાદ, હિંગણઘાટ

## પ્રતિભાવ

The whole experience was unique. The Shrutbhavan, its work of Conservation, Preservation, Digitalization and Usability is worth all the efforts. It is a mammoth task taken by this foundation, by the entire team and specially Maharaj Saheb Pujya Vairagyarativijayji. It is of great value for research scholars like us.

**- Shilpa Vijay Shah (High Court Advocate, Surat)**

## સુવાક્ય

श्रद्धा जिज्ञासा बलैं, सदगुरु चरण पसाइं ।
ते पणि दृढ अभ्यासथी, लहे थोडा दिनमांहि ॥९५॥

તે -અનુભવ

-ઉપા. હંસરત્ન ગ.
- શિક્ષાશત દોધક

**Printed Matter**

**Posted under clause 121 & 114 (7) of P & T Guide**

**To,**

**From : Shrutbhavan Research Centre**

**(Initiation of Shrutdeep Research Foundation)**

47/48, Achal Farm, Nr. Sachchai Mata Mandir, Ahead of Jain Agam Temple, Katraj, Pune-411046
Mo. 07744005728 Email : shrutbhavan@gmail.com Website : www.shrutbhavan.org

For Informative and Inspirational speeches about Shrut please subscribe our Shrutbhavan YouTube channel

Shrutbhavan Pune